**ફો.કેસ નં.૪૪૭૮/૧૯**

**– : : સમાધાન પુરસીસ અને આંક–૧ હેઠળ હુકમ : : –**

બંને પક્ષકારોએ કોર્ટ બહાર, ખાનગી રાહે, ઘરમેળે સમાધાન કરી હાલની સમાધાન પુરસીસ રજુ કરેલ છે. જે સમાધાન પુરસીસ વંચાણે લીધી. સમાધાન પુરસીસની વિગતો પક્ષકારોને વાંચી, સંભળાવી, સમજાવતા પક્ષકારોએ તે ખરી હોવાનુ તથા પોતાને કબુલ મંજૂર અને બંધનકર્તા હોવાનુ જણાવી પોતાની સહીઓ પુરસીસ ઉપર હોવાનુ જણાવેલ છે. પક્ષકારોએ પોતાને સમાધાન થઈ ગયાની હકીકતનો સ્વીકાર કરેલ છે. સબબ સદરહુ સમાધાન રેકર્ડ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીઓ સામે આક્ષેપાયેલા ઈ.પી.કોડની કલમ–૩૭૯ ગુનો સમાધાન પાત્ર હોય ક્રિ.પ્રો.કોડની કલમ–૩૨૦ અન્વયે ઈ.પી.કોડની કલમ–૩૭૯ ના ગુનાઓ સબબ આરોપીઓને તહોમત મુકત કરી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

સદર કામે મુદ્દામાલની ખરાઈ કરીને તેના મૂળ માલીકને પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તા.૧૪ મી માહે સપ્ટેમ્બર સન ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૧૪/૯/૨૦૧૯

( જે. વી. પટેલ )<br>
ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ<br>
અમદાવાદ(ગ્રામ્ય)મીરઝાપુર.